**સ્પેશ્યલ દિવાની મુકદમા નંબર ૩૨૨/૨૦૧૫**

## // આંક –૧ લગત હુકમ //

(૧) આ કામે રોજકામ જોતા વાદી દ્રારા હાલનો દાવો તારીખ ૧૫/૦૪/૨૦૧૪ ના રોજ કરાર નુ વિશેષ પાલન માટે તથા નુકસાની વળતર માટે દાખલ કરવામાં આવેલ છે અને પ્રતિવાદીના વારસો જોડવા માટે મુલતવી છે. આ કામે વાદી કે તેના વકીલશ્રી હાજર રહેતા નથી કે કોઈ આગળની કાર્યવાહી કરતા નથી. આ કામે વાદીનો હાલનો દાવો ગેરહાજરી ને કારણે ઘણા લાંબા સમયથી મુલતવી હોય જેથી વાદીને નોટીસ કરવામા આવેલી જેથી નોટીસ સાથે વાદીના મરણનો દાખલો રજુ થયેલ. વધુમા વાદીના વારસદાર પણ કોર્ટમા હાજર રહેલા અને આંક–૩૦ થી વાદી ગુજરી ગયા તેવુ જાહેર કરેલ અને વાદીનુ મરણનુ પ્રમાણપત્ર રજુ કરેલ છે.

(૨) આ કામે વાદીના વારસદાર તરફે જે મરણનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે તે વંચાણે લેતા ચંદુભાઈ માધુભાઈ પટેલ તારીખ ૨૩/૦૬/૨૦૨૫ના રોજ ગુજરી ગયા હોવાનુ જણાય આવે છે. આ કામે દિવાની કાર્યવાહી સંહિતાના ઓર્ડર ૨૨ રૂલ ૩ (૨) મુજબ કોઈ કાનુની પ્રતિનિધી તરીકે જોડવાની અરજી ના આપે તો દાવો બંધ પડશે તેવુ જણાવેલ છે. વધુમા સમય મર્યાદા અધિનિયમ ના આર્ટીકલ –૧૨૦ વાદીના ગુજરી ગયા બાદ ૯૦ દિવસની અંદર કાનુની પ્રતિનીધી લાવવા જરૂરી છે. આ કામે વાદી ગુજરી ગયાના ૯૦ દિવસ ઉપરાંતનો સમય થયેલ હોય અને દાવામા એક જ વાદી હોય અને વાદીના કોઈ કાનુની પ્રતિનિધી તરીકે જોડાવા કોઈ અરજી આપેલી ન હોય જેથી હાલનો દાવો વાદીના ગુજરી જવાના કારણે બંધ પડેલ હોય વાદીનો દાવો દિવાની કાર્યવાહી સંહિતાના ઓર્ડર ૨૨ રૂલ ૩ (૨) મુજબ એબટ થી ફેસલ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૨૪,માહે સપ્ટેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
ASHWIN CHHAGANBHAI SAKHIYA
Reason: Verified
at vapi
on 24/09/2025 18:14:52 IST.

તારીખ :– ૨૪/૦૯/૨૦૨૫
સ્થળ :–વાપી.

(એ.સી.સખિયા)
ત્રીજા અધિક સિનિયર સીવીલ જજ,વાપી.
યુ.આઈ.સી .નં.જીજે ૦૧૪૧૮